## ટ્રેક નં. ૧૬ : કારણ, કાર્ય, આલંબન વિષે

✻ શું એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કારણ કે કાર્ય થઈ શકે? દ્રવ્ય પર્યાયનું કારણ થાય? આવી આશંકાઓ મને તો ઉઠે છે. તો એનું નિરાકરણ કરવા હું તો સાંભળું છું પૂજ્ય બહેનશ્રીની તત્ત્વ ચર્ચાઓ.

✻ માંગલિક :

✻ ભક્તિ : આકોલિયાના બીજથી આંબો કદી ન થાય,
એ....જેવું કારણ આપીએ તેવું કાર્ય જ થાય. (૨)

✻ **પ્રશ્ન : જો વર્તમાન પર્યાયને ગૌણ કરીએ. રાગ–દ્વેષના વિકારને ગૌણ કરવા અને સ્વભાવનું અવલંબન કરવું પણ સ્વભાવ દેખાતો નથી અને વર્તમાન વિકાર જ દેખાય છે તો શું કરવું?**

● ઉત્તર : ઈ દેખાતું નથી. પણ ગુણ અને ગુણી તો એક જ છે. કંઈ જુદા નથી પણ શાસ્ત્રમાં આવે છે લક્ષણથી લક્ષને ઓળખી લે, ગુણથી ગુણીને ઓળખી લે, એ જ્ઞાન સ્વભાવ કાંઈ અસાધારણ છે. એનાથી ગુણી જે દ્રવ્ય વસ્તુ છે એને ઓળખી લેવી. એને ઓળખવાનો પ્રયત્ન કરવો. એને ઓળખવાથી, એમાં જ દૃષ્ટિ રાખવાથી, એમાં જ તન્મયતા થવાથી શાંતિ અને સુખ મળે છે. એમાંથી જ બધું આ જે આવે અપાર, અગાધ જ્ઞાન ને ઈ સ્વભાવમાંથી જ પ્રગટે છે. અપૂર્વ વીતરાગદશા, અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અને અનુપમતા આત્માને ગ્રહણ કરવાથી જ પ્રગટે છે માટે આ બધું તો અનાદિ કાળનું આકુળતારૂપ, દુઃખરૂપ છે એને ગૌણ કરીને આવા નિરાળા તત્ત્વને ગ્રહણ કર.

✻ **પ્રશ્ન : અવલંબન તો જોઈએ ને ? આત્માને મુખ્ય કરતા આલંબન તો જોઈએ ને ?**

● ઉત્તર : દેવ, ગુરુ, શાસ્ત્ર માર્ગ બતાવે છે. ગુરુદેવ માર્ગ બતાવે કે આ વસ્તુ આ છે. તું એને ઓળખ. પછી કરવાનું પોતાને રહે છે. ઉપાદાન-પુરુષાર્થ કરવાનો પોતાનો રહે છે. ગુરુદેવ માર્ગ

બતાવે છે પણ માર્ગ ગ્રહણ કરવો પોતાના હાથની વાત છે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા એને સાથે હોય છે પણ પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે. ગુરુએ શું બતાવ્યું છે? ગુરુએ કેવો માર્ગ બતાવ્યો છે કે આ આત્મા બધાથી જુદો, તું નિર્વિકલ્પ તત્ત્વ છો, અનાદિ અનંત છો. એમ ગુરુદેવે જે બતાવ્યું, એ પછી ગ્રહણ કરવાનું પોતાને રહે છે. અનાદિકાળનો અજાણ્યો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કરીને બતાવ્યો છે એ ગ્રહણ કરવાનો પોતાને રહે છે એટલે એમાં ગુરુનું અવલંબન આવી જાય છે કે જે ગુરુએ માર્ગ બતાવ્યો તે યથાર્થ છે. પણ મને કેવી રીતે સમજાય એમ પુરુષાર્થ કરીને પોતે પોતાથી જાણે છે. અનાદિકાળનો અજાણ્યો માર્ગ કાં કાંઈ જિનેન્દ્રદેવનું વાક્ય કે કોઈ ગુરુનું વાક્ય સાક્ષાત્ એને કાને પડે ત્યારે એને અંતરમાં ઉપાદાન જાગે અને દેશનાલબ્ધિ પ્રગટ થાય એવો ઉપાદાન નિમિત્તનો સંબંધ છે, પણ ઈ ગ્રહણ પોતાથી થાય છે. કોઈ એને કરી નથી દેતું. પોતાથી થાય છે. એવો ઉપાદાન નિમિત્તનો એવો સંબંધ છે પણ એમ કોઈ કરી ન દે પણ પોતા વડે થાય છે એમાં નિમિત્ત સાથે હોય જ છે. સાક્ષાત્ વાણી કાને પડે છે અનાદિકાળથી. શાસ્ત્રમાં કીધું પણ ચૈતન્ય સાક્ષાત ગુરુ અને દેવ મળે ત્યારે અંતરમાં કાર્ય થાય એવો ઉપાદાન નિમિત્તનો સંબંધ છે. કોઈ શાસ્ત્રમાંથી પોતે જાણે કે આ શાસ્ત્રમાં પણ આવે છે અને ગુરુએ એનું રહસ્ય બતાવ્યું છે.

✻ પ્રશ્ન : સ્વભાવમાંથી પર્યાય આવી કેમ કહો ?

● ઉત્તર : જેમ સ્વભાવ છે એવી દૃષ્ટિ થાય. પર્યાય પ્રગટે ઈ જ એક દશા છે. દશા કહો કે પર્યાય કહો. સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો ઈ જાતની દશા થાય. જેવી દૃષ્ટિ એવી એની દશા છે. ગુરુદેવશ્રી કહેતા કે 'જેવી એની દૃષ્ટિ હોય ઈ પ્રમાણે એની સૃષ્ટિ રચાય છે.' જેવી તારી દૃષ્ટિની પરિણતિ થઈ છે, સ્વભાવ તરફ દૃષ્ટિ ગઈ, સ્વભાવ તરફ. તો ઈ જાતની સૃષ્ટિની જ રચના થાય છે. સ્વભાવ

તરફ દૃષ્ટિ જાય તો સ્વભાવની જ રચના થાય છે. વિભાવ તરફ દૃષ્ટિ જાય તો વિભાવની રચના થાય છે તો દશા પણ એવી જેવી દૃષ્ટિ એવી દશા થાય. જેવી દૃષ્ટિ થઈ એટલે પરિણતિ તે તરફ જાય છે. 'હું જ્ઞાયક જ છું' એવી ધારા પ્રગટ થાય છે. 'હું જ્ઞાયક જ છું' એવી યથાર્થ પરિણતિ થાય, તો નિર્વિકલ્પ દશા પ્રગટે. ઈ એનું કારણ અને કાર્ય આવે છે સ્વાનુભૂતિનું. યથાર્થ કારણ પ્રગટ થાય—યથાર્થ દૃષ્ટિ પ્રગટ થાય તો સ્વાનુભૂતિ થાય.

❀ બહેનશ્રી : ઈ જાણનારો છે જે 'જાણનાર ને જાણવો' ઈ જ કરવાનું ખરું. એની જ મહિમા, એની જ પ્રતીતિ કરવી કે હું જુદો, મારા સ્વભાવમાં જ અનંત શક્તિ અને અનંત મહિમાથી ભરેલો હું છું. આ વિભાવ તો નિઃસાર છે, સારભૂત નથી એવો વિચાર કરે તો ઈ આકુળતારૂપ, દુઃખરૂપ છે. ઈ કાંઈ સુખરૂપ નથી. અને સુખનું કારણ પણ નથી. પાણી સ્વભાવે શીતળ છે પણ અગ્નિના નિમિત્તથી ઉષ્ણ થાય, પણ ઉષ્ણતા કાંઈ પાણીનો સ્વભાવ નથી. સ્વભાવે શીતળ છે. જેમ આત્મા અંદર શીતળતાથી ભરેલો છે. જ્ઞાન અને આનંદથી ભરેલો એમ નક્કી કરવું જોઈએ કે આ વિભાવ પરિણતિ મારા સ્વરૂપના સ્વભાવ તરફની નથી પણ નિમિત્ત છે. એ નિમિત્તને કારણે પુરુષાર્થની મંદતાએ આ થાય છે. કોઈ પર કરાવી દેતું નથી પણ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. માટે એનાથી હું કેમ છૂટો પડું એમ પુરુષાર્થ કરે અને પોતે જ પોતા તરફ વળવાનું છે. કોઈ વાળી દેતું નથી.

* પ્રશ્ન : એમ જ લાગે છે કે આમ ન ચાલી શકાય?

● ઉત્તર : એનું કારણ પોતાનું જ છે. પોતે રોકાઈ ગયો છે ને અનાદિના અભ્યાસમાં રોકાઈ ગયો છે. જેટલો જોઈએ એટલો પોતે પોતા તરફનો અભ્યાસ કરતો નથી. ઊંડો ઉતરતો નથી ને બહારમાં ને બહારમાં રોકાઈ ગયો છે. માટે પોતની કચાશને કારણે જ પોતે આગળ જઈ શકતો નથી.

❀ બહેનશ્રી : અવલંબન તો નહીં દૃષ્ટિ હોય સાધકને ને શ્રદ્ધાની અંદર શુદ્ધાત્મ દ્રવ્યનું અવલંબન હોય. જે શુદ્ધાત્મા અનાદિ અનંત દ્રવ્ય પોતે વસ્તુ છે ઈ વસ્તુ જે શુદ્ધ સ્વરૂપે, ઈ વસ્તુનું અવલંબન સાધકને હોય છે. અંદર મૂળ અવલંબન તો એને શુદ્ધ આત્માનું જ છે પણ અંતરમાં ઠરી શકાતું નથી એટલે બહાર ઉપયોગ આવે છે. એટલે બહારમાં દેવ, ગુરુ, શાસ્ત્ર શુભભાવમાં છે. અને એ શુભભાવનું અવલંબન છે એ વ્યવહારનું છે. ઓલું અંતરમાં નિશ્ચયનું અવલંબન શુદ્ધ આત્માનું છે. એ બહારમાં છે. શુભભાવમાં બહાર આવે તો જિનેન્દ્રદેવ, ગુરુ અને શાસ્ત્ર. પણ મૂળ અવલંબન તો શુદ્ધ આત્માનું જ છે ને દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ રહે છે. જ્ઞાયક ઉપર જ રહે છે. 'હું આ શુદ્ધ આત્મા છું, ઈ સિવાયું બધું મારાથી જુદું છે. બધું પર છે. બધું બહારમાં છે, હું એક જ્ઞાયક જ છું. એમ જ્ઞાયક ઉપર જ દૃષ્ટિ. બહારમાં ઉપયોગ જાય તો પણ એની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર જ રહે છે. શુભભાવ આવે તોય દૃષ્ટિ તો એક જ્ઞાયક ઉપર જ રહે છે. જ્ઞાયકનું અવલંબન તો એને છૂટતું જ નથી. જ્ઞાયકનો આશ્રય તો એને સદાય રહે જ છે. ઉપયોગ બહાર આવે ત્યારે શુભભાવમાં દેવ, ગુરુ અને શાસ્ત્ર. જેણે પૂર્ણતા પ્રાપ્ત કરી એવા દેવ અને ગુરુ—જે સાધના કરે છે અને શાસ્ત્રોમાં જે વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે એનું અવલંબન એને વ્યવહારથી શુભભાવમાં હોય છે પણ તે વખતે 'એ શુભભાવો તે મારું સ્વરૂપ નથી. એનાથી હું જુદો છું.' એવી જાતની દૃષ્ટિ અને જ્ઞાન એને સાથે વર્તે છે અને અંશે જ્ઞાયકની પરિણતિ પણ સાથે હોય છે. એને ભેદજ્ઞાનની ધારા સદાય વર્તે જ છે બહાર ઉપયોગ આવે તો પણ 'હું આ બધા જે ભાવો આવે એનાથી જુદો શુદ્ધ આત્મા છું' એ જ્ઞાયકની ધારા સદાય વર્તે છે અને ઉદયધારા અને જ્ઞાનધારા બેય સાથે જ વર્તે છે. બહારમાં શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્રનું અવલંબન હોય છે. અંદર પૂર્ણતા પ્રાપ્ત ન થાય, અંદર પૂરું ઠરી જવાતું નથી, જ્ઞાયકની

પરિણતિ પ્રગટ થઈ પણ એમાં પૂર્ણ લીનતા થાતી નથી એટલે બહાર ઉપયોગ આવે છે. શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્રનું અવલંબન હોય છે.

✻ પ્રશ્ન : આત્મામેં કર્તાકર્મકા અભિન્નપણા કૈસા હૈ ? ઔર કર્તા કર્મકા ભિન્નપણા કૈસા હૈ ?

● ઉત્તર : યે વિભાવકા વો પરદ્રવ્યકા કર્તા કર્મ નહીં હૈ આત્મા. પર દ્રવ્ય, જડ દ્રવ્યકા કાંઈ કર નહીં સકતા હૈ. (આત્મા) જડકા કાર્ય, ક્રિયા નહીં કર સકતા. પરકા કાર્ય આત્મા નહીં કર શકતા. વિભાવકા ભી અજ્ઞાન અવસ્થામેં કર્તા કહનેમેં આતા હૈ. રાગકા. ઉસકી પુરુષાર્થકી મંદતાસે હોતા હૈ ઈસલિયે અજ્ઞાન અવસ્થામેં કર્તા હૈ ઔર જ્ઞાન અવસ્થામેં જ્ઞાની સ્વભાવકા કર્તા હૈ. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમતા હૈ. જ્ઞાન જ્ઞાનરૂપે જ્ઞાનકી ક્રિયા હોતી હૈ. જ્ઞાન જ્ઞાનકા કર્મ હોતા હૈ. જ્ઞાયકકી પર્યાય પ્રગટ હોતી હૈ. જ્ઞાન જ્ઞાયકમેં પરિણતિ પ્રગટ હોતી હૈ. કર્તા, ક્રિયા, કર્મ આત્મામેં હોતા હૈ અપનેસે અભિન્ન હોતા હૈ વો પર દ્રવ્યકા કર્તા-કર્મ જડકા તો હોતા નહીં. વિભાવકો અજ્ઞાન અવસ્થા, પીછે અસ્થિર પરિણતિ હોતી હૈ તો યે ઈસકો કર્તાબુદ્ધિ, સ્વામીત્વબુદ્ધિ નહીં હૈ. અસ્થિર પરિણતિરૂપે વો પરિણતિ હોતી હૈ. 'વો મેરા સ્વભાવ હૈ ઔર મેરા કાર્ય હૈ.' ઐસા વે માનતા નહીં હૈ. યે પુરુષાર્થકી મંદતાસે હોતા હૈ. અપના જ્ઞાયકકા વો નહીં હૈ ઐસે કર્તા, ક્રિયા, કર્મ વૈસે આત્માસે ભિન્ન હૈ. આત્માકા સ્વભાવકા કર્તા, ક્રિયા, કર્મ સ્વભાવમેં હોતા હૈ. કર્તા, ક્રિયા, કર્મકા ભેદ વો દૃષ્ટિમેં નહીં હોતા. વો જ્ઞાનમેં જાનતા હૈ તો ભી અપની પરિણતિ, ક્રિયા, પર્યાય શુદ્ધ આત્મા તરફ શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હૈ. ઉસકી શુદ્ધ પરિણતિ હોતી હૈ વો અપના કર્તા, ક્રિયા, કર્મ હૈ. વો વિભાવકા હૈ જડકા તો આત્મા કર હી નહીં શકતા. વિભાવ તો અજ્ઞાન અવસ્થાએ કહેનેમેં આતા હૈ. જ્ઞાન અવસ્થામેં સ્વામિત્વ

બુદ્ધિ તૂટ ગઈ. વિભાવકા તો મૈં કર્તા નહીં હૂં. તો ભી અસ્થિર પરિણતિ હોતી હૈ ઈસકો જાનતા હૈ. પ્રગટ હોવે ઉસકા સાક્ષી જબ તક પૂર્ણ જ્ઞાયકકી ધારા પ્રગટ નહીં હોવે. કેવળજ્ઞાન નહીં હુઆ તબ તક અલ્પ અસ્થિર પરિણતિ રહતી હૈ.

✻ પ્રશ્ન : આટલું કારણ આપ્યા છતાં કાર્ય નથી થતું?

● ઉત્તર : કારણ આપતો નથી. કાર્ય આવે કયાંથી? જે જાતનો સ્વભાવ છે તે રૂપે પોતે પરિણમતો નથી. અંદરથી જે શાંતિ એ તો શાંતિ જુદી હોય છે. બહારથી વિકલ્પ શાંત કરીને બેઠો ઈ કાંઈ શાંતિ? શુભ ભાવથી એને શાંતિ લાગતી હોય છે, શુભભાવનો આહ્લાદ આવતો હોય છે. ક્યાંક એનો રસ રોકાતો હોય છે. ક્યાંક એને પ્રમાદ હોતો હોય છે. બહારથી આટલું કરે કે આટલા કલાક કર્યું કે આમ કર્યું એટલે એને કાંઈ કલાકનું માપ નથી. કોઈ એમ કહે કે પંદર મિનિટ આ કર્યું. પંદર મિનિટ આ કર્યું. અને ધ્યાન કરીને આ કર્યું. એમ કાંઈ થાતું નથી. એ તો અંદરની તૈયારીથી થાય છે. અંદરનું જે સહજ એને ચાલતું હોય, એમાં કાંઈ આટલા કલાક કર્યું એનું માપ નથી હોતું. આટલા મિનિટો કર્યું. તને સહજ જે ધારા હાલે, ઈ ધારા ને કાંઈ કાળનું માપ નથી. ધારામાં પોતે જ આગળ જાય અંદરથી, અંદરની જે એને જ્ઞાયકની ધારા ચાલવી જોઈએ. ધારા પોતાથી ચાલવી જોઈએ બહારથી શાંતિ તો એને અમુક વિકલ્પ બહારથી અમુક મંદ કર્યો હોય તો શાંતિ જેવું લાગે એને. એનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ. અંદરથી એને ક્યાંય રસ નો હોય એને જ્ઞાયકને ઓળખવાની એટલી અંદરથી ઉદાસીનતા અંતરથી કાંઈક આવવી જોઈએ. બહારથી બધું છૂટી જાય એમ ન હોય. અંતરમાંથી આવવું જોઈએ. પણ એ નો થાય ત્યાં સુધી વાંચન કરે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે. પણ આટલું કર્યું તો કેમ નથી થાતું? પોતે ભાવના ભાવે, પોતે જ રોકાય છે ક્યાંક, ક્યાંક રોકાતો જ હોય છે. ક્યાંક રસમાં

રોકાય છે. બહારનો કાંઈક રસ છે અંતરમાં. એ પોતે વિચારી જોવે, શેનો રસ છે ઈ?

**✻ પ્રશ્ન : એટલે કાર્ય થાય એવા કારણ કઈ રીતે થાય? તો સ્વભાવની મહિમા આવે તો થાય એમ તો કહીએ તો અમ જેવા અજ્ઞાનીઓએ સ્વભાવ જ્યાં જોયો જ નથી તો તેનું અપૂર્વ મહાત્મ્ય કઈ રીતે આવે તે વિસ્તારથી સમજાવો.**

● ઉત્તર : (આત્માને) જોયો નથી પણ તે વિચારથી નક્કી કરી શકે છે. રુચિ આત્મા તરફ. બહારમાં ક્યાંય એને શાંતિ લાગતી નથી. આકુળતા દેખાય છે. અંતરમાં પરિણામમાં જોવે, ક્યાંય સુખ કે આકુળતા છે? દરેક વિચારોની અંદર અંતર ઊંડો ઊતરીને જોવે, દરેક આકુળ સ્વરૂપ છે. તો આનંદ સ્વરૂપ શું છે? એ આનંદની એકદમ એને શોધ કરે કે આનંદ ક્યાં? ક્યા તત્વમાં છે? આ બધું તો આકુળતારૂપ છે. એ બધું ક્ષણે ક્ષણે પલટાય છે. તો એવું શાશ્વત દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે. જેમાં અનંત જ્ઞાન ભરેલું છે? એવું ઈ દ્રવ્ય કેવું છે? ઈ તરફ વારંવાર વિચાર કરે, સ્વભાવને ઓળખે, અંતરમાં વિચાર કરે કે આ બધું તો લુખ્ખું છે. કયાંય સંતોષ કે શાંતિ નથી પણ એક ચૈતન્ય તત્વ એવું છે કે જેમાં અનંતી શાંતિ, અનંતું સુખ, અનંતો આનંદ અને અપૂર્વતા ભરેલી છે એને સ્વભાવથી ઓળખે. દેવ, ગુરુ, શાસ્ત્ર જે કહી રહ્યા છે કે જે સ્વાનુભવ કરીને કહે છે કે અનંત કાળથી જે નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્વ તારામાં છે. એમ દેવ, ગુરુ, શાસ્ત્ર કહે છે. એ પોતે વિચાર કરીને, પોતાના સ્વભાવ સાથે મેળવે, નક્કી કરે, કે અપૂર્વ તત્વ કાંઈ જુદું જ છે. ઈ અંતરમાં જાય તો ભેદજ્ઞાન થઈ શકે ને અનુભવ થઈ શકે એવો છે. પંચ પરમેષ્ઠી ભગવંતો થયા જેણે આત્માનો અનુભવ કર્યો છે. અનંતા આગળ થઈ ગયા. સમ્યક્‌દૃષ્ટિઓ, જ્ઞાનીઓ, પાંચમાં ગુણસ્થાન, છઠ્ઠા, સાતમા

ગુણસ્થાન, પૂર્ણ કેવળજ્ઞાન પામ્યા એવા અનંતા થઈ ગયા છે અને જે વાણી વરસાવી રહ્યા છે. જે ગુરુદેવે કીધું. જેમની વાણી પાછળ અપૂર્વતા દેખાતી હતી. જે આત્મા બતાવતા હતા. આત્મામાં ચૈતન્યનો ચમત્કાર, ચૈતન્યની અપૂર્વતા બતાવતા હતા. ચૈતન્યની મહિમા બતાવતા હતા તો પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, આત્મા છે. કોઈક મહિમારૂપ છે ઈ મને નથી દેખાતો પણ મહિમારૂપ છે એમ પોતે વિચાર કરીને શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા યુક્તિથી, અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને અંતરમાં કે આ જ્ઞાન સ્વભાવ છે. જે જ્ઞાન હોય, જે સ્વભાવ હોય ઈ મર્યાદિત ન હોય. અમર્યાદિત હોય, જે તત્વનો સ્વભાવ હોય તે અમર્યાદિત હોય. જે આનંદને ઈચ્છી રહ્યો છે. તે પોતાના તત્વમાં આનંદ ભરેલો હોવો જોઈએ, જે અનંત અને અપૂર્વ હોય. ઈ આનંદ કોઈના આશ્રયે ન હોય પણ સ્વયં હોય, જેમાં હોય તે કોઈ અનંત અપૂર્વ હોય. એવો આનંદ આત્મામાં ભરેલો છે. પોતે યુક્તિના બળે જે શાસ્ત્રમાં આવે, ગુરુ કહી ગયા પ્રત્યક્ષ વાણી દ્વારા, એ એને મેળવીને નક્કી કરે, મહિમા લાવે, ઈ બાજુનો પુરુષાર્થ કરે, ઈ જ ઉપાય છે.

**✻ પ્રશ્ન : સમયસારમાં કળશ છે કારણનું અને કાર્ય બન્ને શુદ્ધ છે. એનો શું અર્થ છે ? કારણ શુદ્ધ છે ને કાર્ય પણ શુદ્ધ છે ?**

● ઉત્તર : કારણ જે દૃષ્ટિ જો પ્રગટ હોય ઈ પણ શુદ્ધ હોય, કારણ શુદ્ધ હોય તો કાર્ય ભી શુદ્ધ હોય, કારણ-કાર્ય દોનો શુદ્ધ હોય, કારણ—જો દ્રવ્ય સ્વરૂપ આત્મા વો ભી શુદ્ધ હૈ, ઉસકી દૃષ્ટિ-ઉસકી પર્યાય પ્રગટ હો વો ભી શુદ્ધ હૈ. કારણ અશુદ્ધ હોય એને કાર્ય શુદ્ધ હોય ઐસા નહીં બનતા. કારણ-કાર્ય દોનો શુદ્ધ હોતે હૈ. મુક્તિકા માર્ગ જો દર્શન, જ્ઞાન, ચારિત્ર હૈ વો ભી શુદ્ધ હૈ. મુક્તિકી પર્યાય પ્રગટ હોતી હૈ વો ભી શુદ્ધ હૈ. અને દ્રવ્ય સ્વરૂપ આત્મા વો ભી શુદ્ધ હૈ. ઉસકી દૃષ્ટિ પ્રગટ હોતી હૈ. વિષય ભી શુદ્ધ હૈ, ઉસકી પર્યાય શુદ્ધ

હૈ, મુક્તિકા માર્ગ જો દર્શન, જ્ઞાન, ચારિત્રપ્રગટ હોતા હૈ વો કારણ હૈ મુક્તિકા તો વો ભી શુદ્ધ હૈ. મોક્ષકી પર્યાય પ્રગટ હોતી હૈ, વો ભી શુદ્ધ હૈ. કારણ ભી શુદ્ધ હૈ ઔર કાર્ય ભી શુદ્ધ હૈ. દ્રવ્ય અપેક્ષા ભી શુદ્ધ હૈ પર્યાય અપેક્ષા ભી શુદ્ધ હૈ. દ્રવ્ય સ્વરૂપ આત્મા વો ભી શુદ્ધ હૈ. ઉસકી જો દૃષ્ટિ હોતી હૈ વો ભી શુદ્ધ હૈ.

*** પ્રશ્ન : કારણ, કાર્ય દોનોં પર્યાયમેં ભી? ઔર કારણ, કાર્ય, પર્યાય પર્યાયમેં ભી?**

● ઉત્તર : હાં. પર્યાય પર્યાયમેં ભી. મુક્તિકા માર્ગ, ઔર પૂર્ણ મુક્તિ વો ભી કારણ-કાર્ય, દ્રવ્ય ભી કારણ ઔર પર્યાય કાર્ય એ ભી શુદ્ધ. દ્રવ્ય ઔર પર્યાયમેં ભી કાર્ય, કારણ. પર્યાય પર્યાયમેં ભી કારણ-કાર્ય હોતા હૈ. ઐસા ભી વ્યવહાર હૈ. મુક્તિકા માર્ગ કારણ ઔર મુક્તિકી પર્યાય કાર્ય, એ ભી કારણ હૈ. વ્યવહારમેં મુક્તિકા માર્ગ ભી કારણ ને મુક્તિકી પર્યાય વો ભી કાર્ય.

*** પ્રશ્ન : કારણ શુદ્ધ ઔર કાર્ય અશુદ્ધ ઐસા હોતા હૈ?**

● ઉત્તર : ઐસા નહીં હોતા. મૂળ તો દ્રવ્ય શુદ્ધ હૈ. દ્રવ્યકી દૃષ્ટિ—દ્રવ્ય કારણ ઔર પર્યાય કાર્ય ઈ મુક્તિકા માર્ગ. પીછે વ્યવહારમેં મુક્તિકા માર્ગ કારણ, ઔર મુક્તિકી પર્યાય કાર્ય પણ કારણ અશુદ્ધ ઔર કાર્ય શુદ્ધ ઐસા નહીં. કારણ અશુદ્ધ નહીં હોતા હૈ. પંચ મહાવ્રત કારણ હોતા હૈ ઔર ઉસકા કાર્ય શુદ્ધ હોતા હૈ ઐસા નહીં. પંચ મહાવ્રત શુભ પરિણામ કારણ હોતા હૈ ઔર ઉસકા ચારિત્ર વો શુદ્ધ હોતા હૈ ઐસા નહીં. અણુવ્રત, મહાવ્રત શુભ પરિણામ હૈ, બીચમેં આતા હૈ યે તો શુભભાવકા કારણ કાર્ય જો કહેનેમેં આયે તો વ્યવહાર હૈ ઔર શુભ કારણ ઔર શુદ્ધ કાર્ય ઐસા નહીં હોતા હૈ. ઐસા કારણ કાર્ય નહીં હોતા. શુભ કારણ ઔર શુદ્ધ કાર્ય ઐસા નહીં હોતા. સાધક પર્યાય શુદ્ધ હૈ. પૂર્ણતા વો ભી શુદ્ધ હૈ. દ્રવ્ય શુદ્ધ હૈ. ઉસકી પર્યાય શુદ્ધ, દૃષ્ટિકી પર્યાય શુદ્ધમેં સબ શુદ્ધ હોતા હૈ.

✻ પ્રશ્ન : દ્રવ્ય, પર્યાયમાં કારણ કાર્ય જે કારણ તો સબ પ્રકાર શુદ્ધ હોતા હૈ તો કાર્યમેં અશુદ્ધતા ક્યોં હોતી હૈ? કારણ તો સબ પ્રકારે શુદ્ધ હૈ અનાદિ અનંત તો કાર્યમેં અશુદ્ધતા ક્યોં હોતી હૈ?

● ઉત્તર : મોક્ષકા કારણ ક્યા? કારણમેં તો અશુદ્ધ પરિણતિ અનાદિ સે હોતી હૈ. દ્રવ્ય કાંઈ ઈસકા કારણ નહીં હોતા હૈ. મુક્તિકા કારણ કાર્ય ક્યા હો? વો વિભાવિક પર્યાય હૈ. વિભાવ હૈ ઈસકા દ્રવ્ય કારણ નહીં બનતા. શુદ્ધકારણ ઔર શુદ્ધકાર્ય, વિભાવ કારણ ઔર વિભાવકા કાર્ય. અશુદ્ધ વિભાવ પુરુષાર્થકી મંદતાસે હોતી હૈ વિભાવ પરિણતિ. વો કારણ મુક્તિકા કારણ નહીં.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો

ભગવતી માતનો જય હો.

## આ તો નરભવ

આ તો નરભવ છે દિન ચાર, કરી લે જ્ઞાયકથી તું પ્યાર,
આતમ હવે તું જાગી જા. ઓરે આતમ હવે તું જાગી જા.
લખ ચોર્યાસી ભવમાં ફર્યો, પામ્યો નહીં કંઈ સાર,
મુશ્કિલથી આ નરભવ મળ્યો, શાને ગુમાવે આમ.
ગ્રહી લે આતમ હિતની વાત, તારું થઈ જાશે કલ્યાણ.આતમ
આવી જા તું આતમ શરણે, ભજી લે આતમ રામ,
સમ્યક્ત્વનું પોષણ કરીને, નરભાવ કરો સફળ,
કરી લે રત્નત્રયના પાન, થાશે મોક્ષપુરીમાં વાસ
આતમ હવે તું તો જાગી જા.....